# ‘રોબોટ’

**પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો**

## ‘દહેશત’ પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે ‘સન્નારી’માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે **‘દહેશત’**. તમારી મૌલિક કૃતિ અમને 26-09-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો. Email:sannari@gujaratmitra.in - સંપાદક

### રોબોટ

ધાતુના દેહમાં લોહી નથી વહેતું,
ફક્ત દોડે છે વીજળીના પ્રવાહ.
છાતીની ડાબી બાજુએ કોઈ ધબકારો નથી,
ત્યાં તો ગોઠવાયેલી છે એક સિલિકોન ચિપ.
માનવીએ પોતાની સગવડ માટે સર્જ્યો એક
સાથી,જે કદી થાકતો નથી,
જે કદી કોઈ ફરિયાદ કરતો નથી.
એની સ્મૃતિમાં જળવાયેલો છે અફાટ ડેટા,
પણ એમાં કોઈ અંગત યાદોની ભીનાશ નથી.
સૂચના મળે અને કામ શરૂ,
યંત્રવત હાથપગ હલે છે પૂરી ચોકસાઈથી.
વેદના, ખુશી, ક્રોધ કે પ્રેમ,
આ બધા શબ્દો એના શબ્દકોશમાં માત્ર ડેટા છે,
કોઈ જીવંત અનુભવ નહીં.
આવતીકાલની દુનિયાનો આ નવો નાગરિક,
સમયની સાથે કદાચ વધુ સ્માર્ટ બનતો જશે,
પણ શું એ ક્યારેય પોતાની આંખમાંથી એક
આંસુ સારી શકશે?
ધાતુના આ શરીરમાં બધું જ સંપૂર્ણ છે,
ફક્ત ‘માણસ’ હોવાની એક અધૂરપ સિવાય!

**- કે. ડી. સેદાણી (અમદાવાદ)**





### અમૂલ્ય ખોજ

રોબોટ વિજ્ઞાનની અમૂલ્ય ખોજ છે,
તે થાકે નહિ, કંટાળે નહિ, ઊંઘે નહિ,
તો યે રહે એ સદાયે સ્ફૂર્તિદાયક,
સર્વ કામ કરે સૂઝબૂઝ ને ઝડપી,
એને ખાવું નહિ, પીવું નહિ,
બસ વીજળી એનો ખોરાક,
બસ એને માનવતણી લાગણીનો અહેસાસ નથી!
તોયે રોબોટ આપણો પરમ મિત્ર!!

- ચંદ્રિકા કિશોરકુમાર આમરણિયા (અમદાવાદ)

રોબોટ બન્યો માનવી!
સાવ લાગણીશૂન્ય
ને સાવ શ્વાસશૂન્ય
કૃત્રિમ શ્વાસ ભરે ને
માણસની રોજીરોટી લૂંટે
વિચારશૂન્ય એ યંત્ર
માણસોનો વિચાર લૂંટે
કુદરતની અજાયબને એ ક્યાં જાણે?
એની સુંદરતાને એ ક્યાં માણે?
ભરો જેટલું એના પેટમાં
આપે એટલું એ તમારા કરમાં
પોતાની આળસને પોષતો માનવી
રોબોટ સાથે રોબોટ બન્યો માનવી!

**- રીટા વશી, સુરત**

### માનવીની બલિહારી કેવી જાણે!

કૌતુક જેવું માનવયંત્ર શોધ્યું જેણે!
જગતનું વિજ્ઞાન ક્યાં જઈ રહ્યું છે!
ચાલતો - દોડતો બધું જ કામ કરતો,
અરે ! આ યંત્રમાનવ કેવો!
દુશ્મનની ભાળ કરી દેતો કેવો!
જાસૂસ બની સઘળી માહિતી આપે,
જેતે દેશનો રખવાળો છે બન્યો,
કામ સૌનું સરળ કરી દઈ,
પડછાયા સંગ પ્રીત કરી દઈ,
વિશ્વાસની પ્રતીતિ કરાવી દેતો,
સંગ સંગ માનવીનો મિત્ર બની,
ઘરમાં - હોટલમાં કામ કરે સૌ,
રણસંગ્રામમાં પણ રક્ષક બને,
કદીક માંદો પણ પડી જતો,
અજાયબ છે શોધ રોબોટ યંત્રની.

**- જયા રાણા (સુરત)**

### રોબોટની વ્યથા


રોબોટ આપણને ઉપયોગી અત્ર-તત્ર-સર્વત્ર,
બધાં જ કામ કરે એ સરળ અને ઝડપી,
પરંતુ... એ ક્યાં પ્રેમની પરિભાષા સમજી શકે!
માનવતણી ઊર્મિઓનો ઉમળકો ક્યાંથી લાવે!
દિલની ધડકનોને આત્મસાત ક્યાંથી કરી શકે!
મનમાં દબાયેલ આશંસાને એ ઉજાગર ન કરી શકે!
કાળા માથાના માનવી માટે કશુંય અશક્ય નથી,
છતાં યે.... રોબોટમાં જીવ તો ન જ પૂરી શકે???

**- બિનાઈફર એરિક ડુમસીયા (સુરત)**

### હું રોબોટ, એક નિર્જીવ સાધન!

લોખંડનો બનેલો, પ્રકાશી ચહેરો,
માનવે બનાવેલો પણ માનવ નહીં!
વિજ્ઞાનની ભેટ, પ્રગતિની નિશાની,
રોબોટ હું, માનવબુદ્ધિની કહાની!
હૃદય વગરનો, ચેતના વગરનો,
ઊર્જાથી ચાલતો, આદેશ માનતો;
કોડના શબ્દોથી સપનાં સજાવતો,
માનવનું જીવન સરળ બનાવતો!
આજ! બુદ્ધિ નથી ચલાવતો માનવ,
મારા પર આધારિત થઈ ચૂક્યો માનવ!
જેમ કે, AI બોલે, AI લખે, AI ગણે;
પણ શું, દિલની લાગણી AI સમજે?
હું રોબોટ, એક નિર્જીવ સાધન!
ટેક્નોલોજીની દુનિયામાં મારું નામ.
પણ, મને એક સાધન જ સમજીએ,
મગજને સદાય જીવતું રાખીએ!
યાદ રહે, હું રોબોટ, રોબોટ જ રહીશ!
લાગણી અને સ્વપ્નોની રેતી,
એ તો માનવની જ અનોખી ભેટી!


**- ડો. રાજલ સુખીયાજી ચલીયાવાલા (ફ્રાન્સ)**



### રોબોટ

રોબોટિક દુનિયામાં આવ્યા છો,
તો રોબોટિક બનવું જ પડશે.
દર્દીની દર્દરહિત સર્જરી સામે,
સાથીદાર બની ગયો તું રોબોટ.
માનવસર્જિત યંત્રની સામે,
કદમથી કદમ મિલાવવા જ પડશે.
યુધ્ધભૂમિમાં માનવખુવારી સામે,
છક્કા ઉડાવી આવ્યો તું રોબોટ.
કળયુગમાં વિકાસના પંથે
ગગનચુંબી ઉડાન ભરવી જ પડશે.
મહેનતભર્યાં, મુશ્કેલભર્યાં કાર્યમાં,
સથવારે રહ્યો તું રોબોટ.
દુનિયામાં ભારતભરનો ડંકો,
ગુંજવી દીધો તે રોબોટ.....

**- સંગુ કમલ શાહ (સુરત)**



### માણસ કે રોબોટ?

સમયની આ દોડમાં, ખોવાયું છે મન,
કામકાજના ચક્રમાં, યંત્ર બન્યું તન.
નથી હોઠ પર હાસ્ય હવે, નથી આંખમાં ભાવ,
રોબોટ જેવો થઈ ગયો, માણસનો સ્વભાવ.
ઘડિયાળના કાંટે ચાલે, દિવસ હોય કે રાત,
લાગણીઓ બધી ભૂલીને, કરે બસ કામની વાત.
દિલમાં નથી હવે કોઈ સંવેદના કે પ્રીત,
યંત્ર બનીને જીવવાની, બની ગઈ છે રીત.
બધું જ એણે મેળવ્યું, પણ ખોઈ બેઠો જાત,
માણસ પોતે જ રોબોટ બન્યો, જુઓ સમયની માત.

**- નિરાલી ઠોરિયા (મોરબી)**

### રોબોટ

જીવી રહ્યો છે માનવી રોબોટ જેવી,
ને હજુય આશા માંડી છે એણે રોબોટની.
થતો જાય છે નિર્ભર એટલો માનવી,
કે બનતાં જાય છે રોબોટ નિતનવા.
કોઈ બને વેઈટર, કોઈ કરે મનોરંજન.
શું થશે માનવીનું ત્યારે જીવનમાં,
રોબોટ થઈ જશે એના પર હાવી?

**- શ્રીમતી સ્નેહલ રાજન જાની (સુરત)**

### લાગણી ક્યાંથી લાવે?



રોબોટ
કૃત્રિમ મગજ ધરાવે,
આકાર કોઈ પણ રાખે;
લાગણીઓમાં શૂન્યતા,
કામમાં નિપુણતા રાખે.
દિવસોનું કામ કરે કલાકમાં,
સગવડ સઘળી પળમાં આપે;
એક કમાન્ડે કામ ચપટીમાં,
રોજિંદા કાર્યો સરળ બનાવે.
જરૂર પડે મદદ માટે તૈયાર,
જરાય ન લાગે તેને થાક;
માનવીના કામનો સાથી બની,
ટેક્નોલોજીનો અદ્ભુત ચમત્કાર.
પણ લાગણી ક્યાંથી લાવે?
હાસ્ય-આંસુ ક્યાંથી સમજે?
કામમાં ભલે માનવીથી આગળ,
હૃદયમાં માનવી જ આગળ રહે.

**- સીમા પરીખ (સુરત)**

### લઘુકાવ્ય

યંત્ર માનવ - રોબોટ,
પ્રેમ- હૂંફની લાગણી,
વ્યક્ત કરવાનો
માત્ર ને માત્ર-
અભિનય જ કરે!

***

રોબોટ,
અથાક કાર્ય કરે,
માનવીય સંવેદના
વિષયે
સાવ નિષ્ફળ.

***

રોબોટ,
ભાવાત્મક
પરિસ્થિતિમાં
બેકાર!

**- કિશોર આર. ટંડેલ, નવસારી**

### રોબોટ બન્યો ખરેખર ન્યારો



નથી માંગતો ભોજન કે પાણીનો પ્યાલો,
રોબોટ એવો મારો યાર
વગર પગારે કામનો કરે બેડો પાર
તોય ના મોઢું ચઢાવે
ડોક ઘુમાવે, લાઈટ ઝબકાવે
પળભરમાં જટિલ ઓપરેશન
સાથે ડરને ભગાવે
વિવેક સાથે ઉપયોગ
આશીર્વાદરૂપ
જોખમી કાર્યોમાં તેની
સફળતા વરદાનરૂપ
કમાન્ડમાં છે માનવીનો જ હાથ
પછી જીવનભરનો જ છે સાથ
અમે પણ એક રોબોટ લાવ્યા
વૃદ્ધાવસ્થામાં થયો સથવારો,
તેની સાથે કંઈ કેટલાં કામ પાર
પાડ્યાં
રોબોટ બન્યો ખરેખર ન્યારો

**- મંગેશ ઉપાધ્યાય**